- ખુબ જ નિષ્ણાંત રેડીયોલોજીસ્ટ અને ટેક્નીશીયનો (ફક્ત સ્ત્રીઓ) ની ટીમ મેમોગ્રાફીનું કાર્ય સંભાળે છે.
- બધા જ દર્દીઓના પરિણામની ગુણવત્તા સાચવવા માટે સોનોગ્રાફીના રિપોર્ટને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

*** શું કોઈ ચોક્કસ થી કહી શકે છે કે ગાંઠ સાદી કે કેન્સરની છે ?**

- ૧૦૦% પરિણામ માટે બાયોપ્સી રિપોર્ટ કરવો જરૂરી છે. સોનોગ્રાફી થી અને મેમોગ્રાફી થી ૯૫% ચોકસાઈ થી આ પરિણામ જાણી શકાય છે.

*** જો કોઈ નજીકના સગાને સ્તનકેન્સર હોય તો દર્દીને કેન્સરના શું ફેરફાર હોય શકે?**

- માતા તરફથી લોહીના સબંધ ધરાવતા હોય તેવા દર્દીઓને સ્તન-કેન્સર નું જોખમ અન્ય બહેનો કરતા ૫ થી ૧૫% વધારે રહે છે.દર્દીના સગાને જે ઉંમરે સ્તનકેન્સર થયું હોય તે ઉંમર કરતા દર્દીએ ૧૦ થી ૧૫વર્ષ વહેલા મેમોગ્રાફી ની તપાસ શરૂ કરી દેવી જોઈએ.

*** મેમોગ્રાફી માટે શું તૈયારી કરવી?**

- સામાન્ય રીતે માસિકચક્રના ૩ થઈ ૫ દિવસ પછી મેમોગ્રાફી થાય તો સારું, જેથી દુખાવો ઓછો થાય.
- દર્દીએ તપાસના દિવસે સ્તન ઉપર ડિઓડોરન્ટ સ્પ્રે, પાવડર નો ઉપયોગ ન કરવો.
- મેમોગ્રાફી કરવાના ૨૪ કલાક પહેલા કોઈપણ પ્રકાર ની ઘેનની દવા લેવી નહીં.
- ઢીલા કપડાં પહેરવા.
- તમારો જૂનો મેમોગ્રામ સાથે લાવવો જરૂરી છે.

WELLNESS CENTRE FOR WOMEN
*Inspiring better health*

rupal HOSPITAL
Fertility & Women's Healthcare


Golden Square,
Beside Sargam Shopping
centre, Parle point,
Surat. Ph. 0261 - 2205550/51

Plot no 6,
Vijay Sales Lane,
Behind Kataria Automobiles,
Nr. Iscon Mall, Gaurav Path,
Piplod, Surat - 395007

Help Line
70969 99555

Land Line
0261-2700000





# મેમોગ્રાફી

rupal HOSPITAL
Fertility & Women's Healthcare

WELLNESS CENTRE FOR WOMEN
*Inspiring better health*

## મેમોગ્રાફી અને સ્તન-કેન્સર

* **મેમોગ્રાફી શું છે?**

- મેમોગ્રાફી એક પ્રકારનો એક્સ-રે છે કે જેમાં તમારા સ્તનનો ફોટો પાડીને સ્તન-કેન્સર છે કે નહિ તે જાણી શકાય છે. મેમોગ્રાફી ખુબ જ શરૂઆતના તબક્કાના સ્તન-કેન્સરનું નિદાન કરવામાં ખુબ જ ઉપયોગી છે. અને તેની મદદથી સ્તન-કેન્સરના કારણે થતો મૃત્યુદર ઓછો કરી શકાય છે.
- મેમોગ્રાફી એટલા માટે જરૂરી છે કે પ્રારંભિક તબક્કાનું સ્તન-કેન્સર ફક્ત શારીરિક તપાસથી સ્પષ્ટ રીતે જાણી શકાતું નથી.મેમોગ્રાફી  સ્તન-કેન્સર કે ગાંઠ તમે જાતે અનુભવી શકો એના બે વર્ષ પહેલાથી પણ તેનું નિદાન કરી શકે છે.

* **મેમોગ્રાફી કેવી રીતે કરવામાં આવે છે?**

- મેમોગ્રામ દરમિયાન સ્તનો એક્ષ-રે મશીનની બે સપાટીની વચ્ચે હળવા દબાવવામાં આવે છે. પછી એક્ષ-રે મશીન સ્તનોના ફોટા લે છે. જે કોમ્પ્યુટર ના સ્ક્રીન પર પ્રદર્શિત થાય છે. અને ડોક્ટર તેની તપાસ કરીને કેન્સરની કે અન્ય ગાંઠ છે કે નહિ તેનું નિદાન કરે છે.
- મેમોગ્રામનો ઉપયોગ સ્તન-કેન્સરના નિદાનના હેતુ માટે કરવામાં આવે છે.તમારે મેમોગ્રામ ક્યારે અને કેટલી વાર કરાવવો જોઈએ તે તમારી ઉંમર અને તમારા સ્તન કેન્સર થવાના જોખમ પર આધારીત હોય છે.

* **મેમોગ્રાફી ના પ્રકાર**

૧. સ્ક્રીનીંગ મેમોગ્રાફી

- સ્ક્રીનીંગ મેમોગ્રાફી નો હેતુ એ હોય છે કે તમારા સ્તનમાં નાનામાં નાની ગાંઠ તમે અનુભવો એ પહેલા પકડી શકે. તેનાથી ૩ થી ૫ મીલીમીટરની ગાંઠ પણ પકડાઈ જાય છે.સ્તનમાં થયેલી ગાંઠ કેન્સર ની છે કે સાદી છે તે મેમોગ્રાફીની મદદથી  જાણી શકાય છે. અને જરૂરીયાત પ્રમાણે બાયોપ્સી કરવાની જરૂર છે કે નહિ તેની સલાહ આપી શકાય છે.

* 40 થી 50 વયની સ્ત્રીઓ કે જેમને સ્તન-કેન્સરનું જોખમ વધારે હોય છે, તેમણે 1 થી 2 વર્ષના અંતરે મેમોગ્રાફી કરાવવી જ જોઈએ.

- માસિક ખુબ નાની ઉંમરે ચાલુ થઇ જવું(12 વર્ષની ઉંમર કરતા પહેલા)
- માસિક ખુબ મોટી ઉંમરે બંધ થવું ( 55 વર્ષની ઉંમર પછી મેનોપોઝ)
- સ્ત્રીએ લાંબા સમય સુધી હોર્મોન્સની દવાઓ ચાલુ રાખી હોય તો

2 ડાયગ્નોસ્ટીક મેમોગ્રાફી

- જે સ્ત્રીઓને સ્તન-કેન્સર હોવાના લક્ષણો છે જેવા કે, ગાંઠ, સ્તનમાં દુખાવો, સ્તનની ડીંટડીમાંથી પ્રવાહીનો સ્રાવ થવો, સ્તનની ચામડી નો કલર અથવા દેખાવ બદલાવો. આવી સ્ત્રીઓએ ડોક્ટરની સલાહ પ્રમાણે મેમોગ્રાફી કરાવવી.

* **સ્તન-કેન્સર થવા માટેના જોખમી પરિબળો :**

- લોહીના સબંધ ધરાવતા નજીકના સ્વજનોને સ્તન કેન્સર હોવું જેમ કે માતા / બહેન.
- ભૂતકાળમાં  સ્તન-કેન્સરની તકલીફ હોવી
- 30 વર્ષ ની વય  પછી પ્રથમ વાર માતા બનેલી સ્ત્રીઓ અથવા એક પણ બાળક ન થયું હોય એવી સ્ત્રીઓ.

* **મેમોગ્રાફી વિશે મુંઝવતા સવાલો**

- **શું મેમોગ્રાફી ના રેડિયેશનથી કેન્સર થઇ શકે?**
  મેમોગ્રાફી  ને લીધે થતું રેડીયેશન એક્સપોઝર ખુબ ઓછું છે. ઉપરાંત ૩૫ વર્ષની ઉંમર પછી સ્તન પર રેડિયેશન ની અસર ઘટી જાય છે. એટલે મેમોગ્રાફીથી થતા નુક્શાન કરતા ફાયદો ખુબ જ વધારે છે.એનાથી કેન્સર થતુ નથી. પરંતુ ગર્ભવતી સ્ત્રીઓએ મેમોગ્રાફી કરાવવી જોઈએ નહિ.

* **શું મેમોગ્રાફી ની પ્રક્રિયા પીડાદાયક છે ?**

- સૌ પ્રથમવાર મેમોગ્રાફી કરાવતા દર્દી ને થોડી અસ્વસ્થતા અનુભવાય છે. સામાન્ય રીતે ચાલુ  માસિક દરમિયાન મેમોગ્રાફી ની  તપાસ ન કરાવવી જોઈએ કારણ કે તે સમયે હોર્મોન્સના ફેરફારને કારણે સ્તન થોડા ભારી હોવાથી દુખાવો થઇ શકે. બાકી માસિક ચક્રના  કોઈ પણ તબક્કામાં મેમોગ્રાફી કરાવવાથી તેના પરિણામ ઉપર કોઈ અસર પડતી નથી, અને તકલીફ પણ ખુબ જ ઓછી થાય છે.

* **સોનો-મેમોગ્રાફી શું છે?**

- સોનો-મેમોગ્રાફી એટલે સ્તનની સોનોગ્રાફી. તે સામાન્ય રીતે મેમોગ્રાફી માટે પૂરક પ્રક્રિયા તરીકે કરવામાં આવે છે. તે સ્તનની ગાંઠના પ્રકાર નક્કી કરવામાં મદદરૂપ થાય છે.

* **મેમોગ્રાફી ક્યારે ન કરવી જોઈએ ?**

- 30 વર્ષની વયથી નીચેની સ્ત્રીઓ કોઈ કારણ વગર અથવા ડોક્ટરની સલાહ વગર મેમોગ્રાફી નહી કરાવવી જોઈએ.
- ગર્ભવતી સ્ત્રીઓએ અને સ્તનપાન કરાવતી માતાઓએ ન કરાવવી.

### VAMA મેમોગ્રાફી વિભાગની આગવી સેવાઓ:

- અમારા મશીનના પરિણામ ખુબ જ સારા છે. ઓછું રેડિયેશન, ઉચ્ચ ગુણવતા સાથેની ફોટો ક્વોલીટી, AEC (ઓટોમેટિક એક્સપોઝર કંટ્રોલ) અને દર્દીને પ્રોસીજર દરમિયાન ખુબ જ ઓછી તકલીફ એ અમારા મશીનની આગવી  સુવિધાઓ છે.